
# હસી ચહેરે સે ઐસે ગાયબ હો ગઈ જૈસે ચુનાવ જિતને કે બાદ નેતા !!



તસવીરઃ દિપક જાની

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૨૧

ચાતુર્માસ માટે અમદાવાદ તરફ પ્રસ્થાન કરી રહેલા જૈન મુનિ અને જેમને રાષ્ટ્રસંતની ઉપાધિથી નવાજવામાં આવે છે એવા સંત તરૂણસાગરજી મહારાજશ્રીએ ગાંધીનગરમાં તેમના એક દિવસના રોકાણ દરમ્યાન ભાવિકોને દર્શન આપ્યાં હતાં અને હળવાશથી તેમને આશીર્વચનો પણ પાઠવ્યાં હતાં.

દિગંબર જૈન દેરાસર, સૅક્ટર-૨૧ ખાતે આજે સવારે ખચાખચ ભરેલા હૉલમાં ભાવિકોને સંબોધન કરતાં તેમણે બહુ ટૂંકી પણ બહુ જ અગત્યની વાત પ્રસાર કરી હતી. તેમણે આવતાં જ સવાલ કર્યો હતો કે આ દુનિયામાં સૌથી મોટું પેટ કોનું ? આ સવાલના જવાબ ભક્તોએ પોતાની સમજ અને માન્યતા મુજબ આપ્યા હતા. કોઈએ મનુષ્ય કહ્યું હતું, કોઈએ લોભી મનુષ્ય, કોઈએ કીડી તો કોઈએ વળી માનું પેટ, મનનું પેટ, અસંતોષી માણસ, ભક્તિરૂપી પેટ, સંત, ગણેશજી, પાપી માણસ, માયા, સત્સંગ, કુંભકર્ણ એવા જવાબો આપ્યા હતા.

મહારાજશ્રીએ જણાવ્યું હતું કે 'આપ સૌના જવાબો ખોટા છે એમ હું નહીં કહું. કારણ કે દરેક માણસ પોતાની સમજથી, પોતાના વિચારોથી, પોતાની માન્યતાથી અને પોતાની રીતથી જવાબ આપતો હોય છે. પરંતુ, આ સવાલનો જવાબ હું આપું તો એવો આપું કે આ દુનિયામાં સૌથી મોટું પેટ કોઈનું હોય તો એ યમરાજનું છે. સદીઓથી કેટલાંયને યમરાજે ખાધાં છે, હજુ ખાય છે અને ન જાણે કેટલાં વર્ષો સુધી ખાતાં રહેશે.' ભાવિકોએ આ જવાબને એક અવાજે સમર્થન આપ્યું હતું.

અલબત્ત, અહીં લખાયું એટલી સરળતાથી મહારાજશ્રીએ આ વાત નહોતી જણાવી. આટલી જ વાત જણાવવામાં એમણે પંદર મિનિટ જેટલો સમય લીધો હતો. એક અભિનેતા વાતને ભાવથી રજૂ કરે એમ 'આ દુનિયામાં સૌથી મોટું પેટ જો કોઈનું હોય..' એ વાક્યને એમણે જૂદા જૂદા આરોહ-અવરોહ સાથે અત્યંત હળવાશથી અને સસ્મિત ચહેરે એવી રીતે મમળાવીને રજૂ કર્યું હતું કે ભાવિકોને રમૂજ થઈ હતી. ચારેકવાર તો આ વાક્ય પૂર્ણ થતાં પહેલાં જ ભાવિકો હસી પડ્યા હતા અને મૉજમાં આવીને તેમણે તાળીઓએથી મહારાજશ્રીને વધાવી પણ લીધા હતા.

એ પછી મહારાજશ્રીએ પોતાની પ્રવચન શ્રેણી જે આગામી તા. બાવીસ જુલાઈથી પાંચ ઑગષ્ટ સુધી યુનિવર્સિટી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે યોજાઈ રહી છે તેની વિગત આપી હતી અને જૈન સમાજ દ્વારા આયોજિત આનંદયાત્રાની પણ વાત કરી હતી. આનંદયાત્રાથી માનવીના ચહેરા પર સ્મિત આવે છે, હાસ્ય આવે છે, જેની આજના માનવીને જરૂર છે, એવો નિર્દેશ તેમણે કર્યો હતો. આનંદયાત્રાની આજના જીવનમાં તાતી જરૂરિયાત છે એમ જણાવતાં એમણે જણાવ્યું હતું કે, 'આજના જમાનામાં હસવું એટલું દુર્લભ થઈ ગયું છે કે હસવા માટે પણ શરીરની અંદરથી જોર લગાવવું પડે છે, હાસ્ય આજે અંદરથી સ્વયંભૂ નીકળતું નથી, એને બહાર લાવવા માટે પ્રયાસ કરવા પડે છે.

આ જ સંદર્ભમાં એમણે લેખના મથાળે લખી એ પંક્તિઓ પણ ઉચ્ચારી હતી, જેને ભાવિકોએ તાળીઓથી વધાવી લીધી હતી.

આમ, ભાવિકો માટે મહારાજશ્રીની આ ટૂંકી મુલાકાત પણ યાદગાર બની રહી હતી.

# ડભોડાના ખેતરમાં બંધ મકાનમાં ચોરી

ગાંધીનગર, તા. ૨૧

ડભોડામાં રેલવે ફાટક પાસે સ્થિત ખેતરમાં આવેલ મકાનના પાછળના દરવાજામાંથી ચોર ઈસમોએ અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ સહિત રૂ. ૨.૬૧ લાખની મત્તાનો સફાયો કર્યો હતો. ડભોડા રેલવે ફાટક પાસેના ખેતરમાં સ્થિત મકાનમાં રહેતા ભરત જયંતિ પટેલ ગઈકાલે રાત્રે પોતાના ખેતરમાં પાણી વાળવા ગયા હતા જ્યારે ત્યારબાદ તેઓ તેમના પરિવારજનો સાથે બહારના ભાગે ઉંઘી ગયા હતા. આ વેળાએ ચોર ઈસમોએ મકાનની પાછળના દરવાજેથી અંદર ઘુસી તિજોરી ખોલી તેમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રૂ. ૫૦ હજારની રોકડ મળી કુલ રૂ. ૨.૬૧ લાખની મત્તાની ચોરી કરી હતી. આ અંગે તેમણે ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એમ.સી ડાભીએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભારત વિકાસ પરિષદે રથયાત્રા માર્ગમાં ૧ કિમીમાં સ્વચ્છતા અભિયાન ચલાવ્યું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં નિકળેલી પારંપરિક રથયાત્રામાં છ રોડ, જળભવન તથા ગુજરાત પ્રદુષણ બોર્ડના ભવન પાસે ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખાના પરિવારજનોએ રથયાત્રાનું સ્વાગત કરી ગ્લુકોઝવાળું ઠંડુ પાણી પદયાત્રીઓને પાયું હતું. ખાસ નોંધનીય બાબત એ હતી કે, ભારત વિકાસ પરિષદના પરિવારજનોએ છ રોડને અંદાજે એકાદ કિલોમીટરના અંતર સુધી પ્લાસ્ટીક ગ્લાસ, પાઉચ, આઈસ્ક્રીમના ડબ્બા અને અન્ય કચરો ઉપાડી લઈ રોડની સફાઈ કરી હતી. જળભવન તથા ગુજરાત પ્રદુષણ બોર્ડના કર્મચારી મિત્રોએ તથા ભારત વિકાસ પરિષદના સર્વેજનોએ રથયાત્રાની સાથે સાથે કચરાના નિકાલ માટે સ્વચ્છતા અભિયાન આદરી સ્વયંજાગૃતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડયું હતું.

# ગાંધીનગર જિલ્લામાં નવનિયુક્ત ૧૫ નાયબ મામલતદારો હાજર થયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં સીધી ભરતીથી નિમણુંક પામેલા ૧૫ નાયબ મામલતદારો હાજર થતાં તેમને નિમણુંકના હૂકમો કરી આજે જુદી જુદી કચેરીઓમાં ફાળવી આપવામાં આવ્યા છે.

જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે આજે કરેલા હૂકમમાં ૭ નાયબ મામલતદારોને કલેક્ટર કચેરી ખાતે જ્યારે ૮ નાયબ મામલતદારોને ચારેય તાલુકામાં જુદી જુદી જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવી છે.

રાજ્ય સરકારના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ એટીવીટીમાં પણ ચાર નાયબ મામલતદારોની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત પુરવઠા તંત્રની ખાલી પડેલી ૩ જગ્યાઓ પર નાયબ મામલતદારોની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૯ નાયબ મામલતદારોની જગ્યાઓ ખાલી હતી જેમાં ૧૫ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવતાં જિલ્લા વહીવટીતંત્રની કામગીરીમાં આગામી દિવસોમાં વેગ આવશે.

આ નાયબ મામલતદારોને આજે તેમની વિધિવત્ નિમણુંકના હૂકમો આપી વહીવટીય પ્રક્રિયા જિલ્લાતંત્ર દ્વારા પૂર્ણ કરવામાં આવી છે હવે તેઓ આજથી જ તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લેશે.

જે ૧૫ નાયબ મામલતદારો હાજર થયા છે તેમાં સર્વશ્રી જીગરકુમાર સોની, ભાવનાબેન રબારી, યોગેશભાઈ દેસાઈ, રોહિતભાઈ પટેલ, અરૂણાબેન પટેલ, જીજ્ઞાબેન પટેલ, સવસીભાઈ પટેલ, જીગરભાઈ પરમાર, હેતલબા ચાવડા, કિરીટસિંહ વાઘેલા, વૃજેશભાઈ પરમાર, ચંદ્રકાન્તભાઈ સુતરિયા, રાજેન્દ્રસિંહ રાવ, નરેન્દ્રસિંહ રાવ અને પુષ્પરાજ બોલીક્ષત્રીયનો સમાવેશ થાય છે.

રાજેન્દ્રસિંહ રાવ અને નરેન્દ્રસિંહ રાવ બે સગાભાઈ નાયબ મામલતદાર તરીકે પસંદગી પામ્યા છે અને ગાંધીનગર જિલ્લામાં નિમણુંક મળી છે. રાજેન્દ્રસિંહને દહેગામ અને નરેન્દ્રસિંહને કલોલમાં નિમણુંક અપાઈ છે.

# પેથાપુર ખાતે ભગવાનની ૨૧મી રથયાત્રા દબદબાભેર નિકળી

ગાંધીનગર, તા.૨૧

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પેથાપુર ખાતે રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રામજીમંદિર ખાતેથી ૨૧મી રથયાત્રાનો ભક્તિમય વાતાવરણમાં પ્રારંભ થયો હતો. શરૂઆતમાં ભગવાન જગન્નાથજીની આરતી ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા તથા પેથાપુર નગરપાલિકાના નગરપતિ કનુસિંહ વાઘેલા અને નગરપંચાયતના સભ્ય, ગ્રામજનો દ્વારા ઉતારવામાં આવી હતી. રથયાત્રાના પ્રારંભ સાથે બેન્ડવાજાની સુરાવલી ગૂંજી ઉઠી હતી અને શણગારેલી ટ્રકોમાં ૨૦૦ ઉપરાંત બાળકો અવનવી વેશભુષામાં 'જય રણછોડ માખણ ચોર'ના નારા સાથે ઉલ્લાસભર સામેલ થયા હતા. રથયાત્રામાં એક પી.આઈ., બી પી.એસ.આઈ. અને ૪૦ જણનો પોલીસ કર્મચારી સ્ટાફ, બે પોલીસ જીપ, ૨૫ ટ્રેક્ટર, ૭ ઊંટલારી સાથે સાતેક હજાર માણસો જોડાયા હતા. બહેનોએ પણ મોટી સંખ્યામાં ભાગ લઈ ભગવાન જગન્નાથજીની યાત્રાને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું. નગરના રાજમાર્ગો પર ફર્યા બાદ રથયાત્રાએ પેથાપુર ચાર રસ્તે વિશ્રામ કર્યો હતો. જયાં કૈલાસચંદ્ર જેઠમલજી શાહ પરિવાર તથા રૂઘનાથસિંહ વાઘેલા પરિવાર તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. પેથાપુર ચોકડી પાસે જય માતાજી ગૃપ દ્વારા શીરાના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજમાર્ગો પર ઠેરઠેર શરબતના વિતરણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર રથયાત્રા મહોત્સવને સફળ બનાવવામાં અલ્કેશ પરમાર, દિનુભાઈ દરજી, ધીરૂભાઈ ચૌહાણ, દિનેશ ચૌહાણ, મહેન્દ્રભાઈ દરજી, પ્રવીણસિંહ ડાભી વગેરેએ યોગદાન આપ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૦

## તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
તેરી મેરી કહાની : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૦૦
ગેન્ગ ઓફ વસાઈપુર : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્કીન-૩ :
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૧૦.૦૦
ફરારી કી સવારી : ૪.૦૦
તેરી મેરી કહાની : ૬.૪૫
: સ્કીન-૪ :
ગેન્ગ ઓફ વસાઈપુર : ૧૦.૦૦
ફરારી કી સવારી : ૧.૦૦, ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૩.૩૦, ૬.૩૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
રાઉડી રાઠોડ : ૧૧.૧૫, ૪.૪૫, ૧૦.૧૫
કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૨.૦૦, ૭.૩૦
: સ્કીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્કીન-૩ :
ગેન્ગ ઓફ વસાઈપુર : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૪ :
ફરારી કી સવારી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ગેન્ગ ઓફ વસાઈપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. માલ-મિલકતની બાબકો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થઈ શકે છે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે. બીજાના કાર્યોમાં બીનજરૂરી હસ્તક્ષેપ ન કરો.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. સંપર્ક ક્ષેત્ર વિસ્તૃત કરો. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે. દેખાવ અને આડંબરોથી સ્વયંને દૂર રાખો. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ચંદુજી જીણાજી ઠાકોર (ઉ. વ. ૬૨) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. પંકજભાઈ ગણેશભાઈ સિંગલ (ઉ. વ. ૫૦) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. વિનોદચંદ્ર નટવરલાલ શાહ (ઉ. વ. ૬૨) પ્લોટ નં. ૪૬૩/૨, સેકટર-૧૨/બી, ગાંધીનગર

# સ્પેશ્યલ ચાઈલ્ડને સ્પેશ્યલ અલગ ટ્રીટમેન્ટની નહીં, પરંતુ નોર્મલ રીતે જ મોટા થવા દેવાની જરૂર છે

## ૩૦- ૩૦ વર્ષના વ્હાણા વહી ગયા પછી પણ અમૃતભાઈ-હંસાબેનની પોતાની દિકરી મેઘા માટેની આત્મીયતાની સરવાણી અવિરત વહે રાખે છે



**સંબંધ સજાવે જિંદગી**

**માત-પિતાની લાડકી**

- જય ઓઝા

gsrelation@yahoo.com

અમૃતભાઈ પરમાર અને હંસાબેન પરમારના ઘરે ૨-૮-૮૧ આજથી ૩૧ વર્ષ પહેલાં લક્ષ્મીજી પધાર્યા. પરંતુ ખુશી અને ચિંતા બંને માતા-પિતાના ચહેરા પર વ્યાપી ગઈ.. માણસાના ચાઈલ્ડ સ્પેશ્યાલીસ્ટે કહ્યું કે આવનાર દિકરી મોંગોલ ચાઈલ્ડ છે. એક ક્ષણ માટે તો માતા-પિતા પર જાણે આભ તૂટી પડ્યું.. પરંતુ પળવારમાં જ ચિંતા બાજુ પર મુકીને તેમણે ભગવાનની આ કૃપાને હસ્તે મોઢે સ્વીકારી લીધી.. તે આજે ૩૦- ૩૦ વર્ષના વ્હાણા વહી ગયા પછી પણ તેમની આ દિકરી મેઘા માટેની આત્મીયતાની સરવાણી અવિરત વહે રાખે છે.

સમાજના આવા સ્પેશ્યલ ચાઈલ્ડ માટે કાં તો દંભી સહાનુભૂતિ જોવા મળે છે. અથવા સીધો અણગમો જોવા મળે છે. ખરેખર મુશ્કેલી એ છે કે આવા સ્પેશ્યલ ચાઈલ્ડને સ્પેશ્યલ અલગ ટ્રીટમેન્ટની નહીં, પરંતુ નોર્મલ રીતે જ મોટા થવા દેવાની જરૂર છે.

મેઘા નાની ઉંમરે ખૂબ જ બિમાર રહેતી હતી. એકવાર તેને શીતળા થઈ ગયા અને તેનું આખું શરીર કાળુ પડી ગયું. પરંતુ બધી અડચણોને દૂર કરીને તેને તેના માતાપિતાએ મોટી કરી..

અમૃતભાઈ અને હંસાબેન બંને શિક્ષક.. નોકરી, ઘર અને બાળકોની જવાબદારી સાથે ખૂબ જ પરિશ્રમ વેઠીને બંને પતિ- પત્નિએ બાળકોને મોટા કર્યા.

મેઘાનો મોટાભાઈ પ્રિયંક અને નાની બહેન જયના બંને ભાઈ-બહેન પણ મેઘાનું ખૂબ જ ધ્યાન રાખે છે. સ્વાભાવિક રીતે જ હંસાબેન તથા અમૃતભાઈનું ધ્યાન પ્રિયંકા તથા જયના કરતાં વધુ ધ્યાન મેઘા પર રહેવાનું જ. પરંતુ બંને ભાઈ-બહેનના ચહેરા પર ક્યારેય ફરિયાદના નિશાન જોવા મળ્યા નથી.

મેઘા જ્યારે ૧૦-૧૨ વર્ષની હતી. ત્યારે તેના વિકાસ માટે તેના જેવા જ મોંગોલ બાળકોની પ્રાંતિયા પાસેની સ્કુલમાં મુકવાનો કઠિન નિર્ણય બંનેએ લીધો. સંચાલકની શરત હતી કે બે મહિના સુધી બાળકને મળવા નહીં આવવાનું. અમૃતભાઈએ શાળાની ફી તથા ઠંડા પાણીની સગવડવાળી ટેંક પણ સંસ્થાને આપી. કચવાતા હૈયે અમૃતભાઈ તથા હંસાબહેન મેઘાને મળવા ન ગયા. બે મહિના પછી જ્યારે તેઓ મેઘાને મળવા ગયા. ત્યારે મેઘાની હાલત ઘણી ખરાબ હતી. સંસ્થામાં તેનું બિલકુલ ધ્યાન રખાયું ન હતું. પોતાના આ નિર્ણયથી દુખી થઈને માતા-પિતા મેઘાને પાછા ઘરે લઈ આવ્યા. આવ્યા પછી પણ એકાદ મહિના સુધી મેઘા તે સંસ્થાના શૉક માંથી બહાર ન આવી શકી.

ત્યારબાદ હંસાબેન અને અમૃતભાઈએ નિર્ણય કર્યો કે હવે મેઘાને ઘરે જ રાખવી. અને તેનો ઘરે બેઠા વિકાસ કરવો. હંસાબેનની શિક્ષિકા તરીકે આદરજ, બાસણા, ખેડબ્રહ્મા વગેરે વગેરે સ્થળોએ બદલી થયા કરે.. પરંતુ જનની જોડ સખી નહી જડે રે.. લોલ ઉક્તિને સાર્થક કરતા હંસાબેન મેઘાને સાથે લઈ લઈને બધે જાય, તેનું ધ્યાન રાખે.. લોકોનો પણ સારો સહકાર સાંપડતો ગયો.. એકવાર આદરજથી ઘરે આવતા વરસાદમાં કેડ સમાણા પાણીમાં આવતા હંસાબેન અત્યારે પણ એ સમય યાદ કરતાં ગળગળા થઈ જાય છે.

અમૃતભાઈ પણ સ્વીકારે છે કે, હંસાબહેને ઘણી કઠણાઈ સાથે મેઘાને મોટી કરી છે. જો કે હંસાબેન પોતે હજી એવું માને છે કે નાનપણ થોડું વધુ ધ્યાન આપ્યુ હોત તો હજી મેઘાનો વિકાસ સારી રીતે થયો હોત.. એક માને પોતાના સ્વાર્પણ ભાવથી ક્યારેય સંતોષ થતો નથી.

ત્રણ- ચાર વર્ષ પહેલાં મેઘાને હૃદયમાં પાણી ભરાઈ ગયું અને યુ.એન. મહેતા હોસ્પિટલમાં ખૂબ જ કઠિન એવું તેનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું.સમયે- સમયે ઘણા ડૉક્ટર અને લોકો એવું પણ કહેતા રહ્યા હતા કે બિમારી વખતે સરખી દવા કરવાથી પણ કોઈ ફેર નહીં પડે કારણ કે આવા બાળકોમાં રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય છે. છતાં અમૃતભાઈ અને હંસાબેન હિંમત હાર્યા વગર ખંતપૂર્વક વ્હાલી દિકરીની સેવા કરતાં રહ્યા અને ઈશ્વરે પણ તેમની આ ખેલદીલીપૂર્વકની સૂશ્રૃષા જોઈને આજે ખુશ થતા હશે..

પરિવારના દરેક સભ્યની લાડકી એવી મેઘા સ્વભાવે જિદ્દી પણ છે, કરવું હોય તો જ કામ કરે.. પરંતુ જે કામ કરે તે ચોક્કસ હોય.. નવા નવા કપડાનો મેઘાને ખૂબ જ શોખ છે. રિમોટના કેટલાય ફંકશનની જાણ ઘરમાં બીજા સભ્યોને નહીં હોય પરંતુ મેઘાને છે. અમૃતભાઈનો મોબાઈલ ઘરમાં ક્યાંક ખોવાઈ ગયો અને બધા શોધતા હતા, ત્યારે મેઘાએ પપ્પાને કોડલેસ ફોન આપીનો કહ્યું કે, લેન્ડલાઈનથી રીંગ મારી શોધી લો.. ખૂબ જ હોંશિયાર અને સમજૂ મેઘા ખૂબ જ લાગણીશીલ પણ છે.

ધન્ય છે એવા માતા-પિતા અને ભાઈ-બહેનને કે જેમણે ઈશ્વરની કઠોરતાને પણ હસતાં મુખે સ્વીકારીને સમાજમાં દાખલો બેસાડ્યો છે.